# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30/08/2026** **Morning: 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી મનકી બાત કાર્યક્રમ પર પોતાના વિચારો રજૂ કરશે**
2. **દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌની યોજના મારફતે પાણી આપવાનો રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય**
3. **રાજ્ય સરકારે ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી અનિયમિતતાઓ અંગે તપાસ સમિતિની રચના કરી**
4. **NFSU એ પૂર પીડિતોની ઓળખ માટે 10 સભ્યોની ફોરેન્સિક ટીમ નેપાળ મોકલી**
5. **આજે દેશભરમાં પીજી નીટ પરીક્ષા- પ્રથમવાર આધાર બેઝ ID સહિતની કડક ચકાસણી**
6. **ગાંધીનગરમાં સબ-જુનિયર બોય્ઝ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ સ્પર્ધામાં આજે ઈ – એફ અને જી ગ્રુપ ની મેચો**

.....................................

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે "મન કી બાત" કાર્યક્રમની 137મી કડીમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આકાશવાણી પરથી પ્રસારિત થતાં માસિક રેડિયો કાર્યક્રમની આ 137મી કડીમાં પ્રધાનમંત્રી દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારોનું આદાન પ્રદાન કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

..............................

# SAUNIYOJNA –SAURASHTR

સૌરાષ્ટ્રના દ્વારકા અને જામનગર વિસ્તારના નાગરિકો તથા ખેડૂતોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે આ વિસ્તારમાં સ્થાનિક ડેમો મારફતે સિંચાઈનું પાણી પૂરું પાડવામાં આવતું હોય છે, પરંતુ વર્તમાન સમયે ઓછો વરસાદ હોવાના કારણે નર્મદા બેસીનમાં પણ પાણી સામાન્ય સંગ્રહ કરતા ઓછું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌની યોજનાની પાઇપલાઇન દ્વારા મચ્છુ-૨ જળાશયમાંથી પાણી ઉપાડીને આ જિલ્લાઓમાં આપવા ખાસ મંજૂરી આપી દીધી છે.

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં સૌની લીન્ક-૧ મારફતે ૬00 ક્યુસેક પાણી ઉપાડવામાં આવી રહ્યું છે. આ ઉપાડવામાં આવેલા પાણીમાંથી સૌથી પહેલા પીવાના પાણીને પ્રાધાન્ય આપવામાં આવશે અને ત્યારબાદ બાકી રહેતું પાણી ખેતી તથા સિંચાઈ માટે પૂરું પાડવામાં આવશે.

..............................

# SHINING INDIA BEST MLA AWARD – 2026

રાજયમાં નોંધપાત્ર કામગીરી કરનારા જનપ્રતિનિધિઓને સન્માનિત કરવા 18મો શાઈનિંગ ઈન્ડિયા બેસ્ટ MLA એવોર્ડ સમારોહ ગાંધીનગર ખાતે યોજાયો. વિવિધ વિધાનસભા વિસ્તારોમાંથી 11 ધારાસભ્યોને જનસેવા, વિકાસલક્ષી પહેલો અને મતવિસ્તારોના સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર યોગદાન બદલ પુરસકર માટે પસંદ કરવામાં આવ્યા છે. પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાજીને જાહેર સેવામાં તેમના યોગદાન બદલ સન્માનિત કરાયા હતા. આ સાથે સુરત પશ્ચિમના ધારાસભ્ય અને વિધાનસભ્ન ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી, રાજય મંત્રી કાંતિ અમૃતિયા, સંજયસિંહ મહીડા, કૌશિક વેકરિયા અને અન્ય ધારાસભ્યોને પુરસ્કાર એનાયત કરાયા હતા.

..............................

# CM- BAHUCHRAJI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઇકાલે શક્તિપીઠ બહુચરાજીમાં દર્શન કર્યા હતા.તેમણે મંદિર પરિસરમાં વિધિ-વિધાન સાથે આદ્યશક્તિની પૂજા-અર્ચના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની વિકાસયાત્રા અવિરત ચાલુ રહે અને રાજ્ય સર્વાંગી પ્રગતિના નવા શિખરો સર કરે તેવી મનોકામના વ્યક્ત કરી હતી. તેમણે મહેસાણાના કાર્યક્રમમાંથી ગાંધીનગર પરત ફરતા રસ્તામાં આવતા મેવડ ગામે અચાનક રોકાઈને ગ્રામીણ યુવાઓ સાથે સંવાદ કર્યો

..............................

# GUJRAT UNI - COMMITTEE

રાજ્ય સરકારે ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી અનિયમિતતાઓ, **PMJVK** ફંડના દુરુપયોગ અને નાણાકીય ખામીઓની તપાસ માટે ગુજરાત વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ દીપક એમ. વ્યાસની અધ્યક્ષતામાં એક તપાસ સમિતિની રચના કરી છે. ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યકારી કુલપતિ ડૉ જગદીશ જોશીએ આ અંગે વધુ માંહિતી આપી હતી.

(બાઇટ : ડૉ જગદીશ જોશી કાર્યકારી કુલપતિ )

*(ગુજરાત હાઇકોર્ટના રિટાયર્ડ જસ્ટિસ શ્રી ડી. એમ. વ્યાસ, દીપક એમ. વ્યાસ રિટાયર્ડ જસ્ટિસ સર કી એક મેમ્બરની કમિટી ગુજરાત યુનિવર્સિટીએ ઘોષિત કરી છે અને તેમની નિમણૂક કરી છે. જે નિષ્પક્ષ અને પોતાની સ્વતંત્રતાના હિસાબથી એની પૂરી સ્વતંત્ર તપાસ કરશે અને હમણાં એનો રિપોર્ટ સુપરત કરશે)*

..............................

# SURAT---SC JUDGE

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ વિક્રમ નાથના અધ્યક્ષસ્થાને સુરતમાં અધિકારોથી આત્મનિર્ભરતાકાર્યક્રમ યોજાયો

ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ તેમજ ન્યાયાધીશ અલ્પેશ વાય. કોગજેની વિશેષ ઉપસ્થિતિમાં જરૂરિયાતમંદ બાળકો સુધી શિક્ષણ પહોંચાડવાના અભિયાન અંતર્ગત સિગ્નલ સ્કૂલ બસને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

..............................

# NFSU – NEPAL FLOOD

ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી- NFSU એ પૂર પીડિતોની ઓળખ માટે 10 સભ્યોની ફોરેન્સિક ટીમ નેપાળ મોકલી છે. DNA ફોરેન્સિક્સના વડા ભાર્ગવ પટેલની આગેવાની હેઠળની ટીમ, DNA નમૂના મેચિંગ સહિત મૃતકોની ઓળખ કરશે.આ ટીમ કેન્દ્રીય વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયની સંયુક્ત દેખરેખ હેઠળ કામ કરશે.

નેપાળ પૂર હોનારતમાં ગુમ થયેલા રાજ્યના 25 લોકોની શોધખોળ માટે રાજય સરકાર સતત કામગીરી કરી રહી છે.

..........................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# RAJKOT –VEKARIYA

ઊર્જા રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ રાજકોટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ તથા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડના આશરે રૂ. 65 કરોડથી વધુના ખર્ચે નિર્મિત વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું. જેમાં અંદાજે રૂ. 2 કરોડ 17 લાખના ખર્ચે મોટા મવા પેટા વિભાગીય કચેરી, રૂ. 2 કરોડ.17 લાખના ખર્ચે બેડીનાકા પેટા વિભાગીય કચેરીસહિતના પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

..............................

# MAHESANA - SAMRAS VIDYA SETU

પ્રભારી મંત્રી પ્રવીણ માળીએ 'સમરસ વિદ્યા સેતુ' કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં ૧૦ હજાર ૧૬૪ બાળકોનો પુન:શાળા પ્રવેશ કરાવ્યો.મહેસાણાના સાર્વજનિક વિદ્યા સંકુલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લામાં બેક ટુ સ્કૂલ' અભિયાનનો પ્રારંભ કરાવાયો હતો. આ પ્રસંગે શ્રી માળીએ શિક્ષકો માત્ર જ્ઞાન જ નહીં પરંતુ સંસ્કારી અને જવાબદાર નાગરિકોનું ઘડતર કરે તે સમયની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું.

..............................

# VINCHHHIYA ECO SENS. VILLAGE – KUNVARJI BAVALIYA

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ વીંછીયા તાલુકાના ઈકો સેન્સિટીવ ઝોનના ગ્રામજનો સાથે બેઠક યોજી. આ બેઠકમાં હિંગોળગઢ, લાલાવદર, ખડકાણા, અમરાપુર, ગુંદાળા અને ભોંયરા ગામના ગ્રામજનોએ ખેતીની જમીનને બિન-ખેતી કરાવવા, બાંધકામ અને કુવા ખોદવા સહિતના પ્રશ્નો અંગે રજૂઆતો કરી.જેનો મંત્રીશ્રીએ સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

હિંગોળગઢ ગઢ અભયારણ્ય ફરતી જરૂર હોય ત્યાં દીવાલોનું કામ પૂર્ણ કરાશે. સાથે ખાનગી જમીનના ૭/૧૨ના ઉતારામાંથી ઈકો-ઝોનની નોંધ દૂર કરાશે.આનાથી ખેડૂતોને મોટો ફાયદો થશે.

...............................

# GOVERNOR - AHMEDABAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં અમદાવાદમાં રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રી એ તેમના સંબોધનમાં યુવાનોના સર્વાંગી વિકાસ માટે રમતગમતને અનિવાર્ય ગણાવી હતી.

## (બાઇટ- આચાર્ય દેવવ્રત રાજ્યપાલ)

(સરદારધામમાં અગાઉ તમે ઘણીવાર ગયા હશો, પરંતુ હવે તેનું સ્વરૂપ પૂરૂં બદલીને સ્પોર્ટ્સ હબ બની ચૂક્યું છે. આવનારા વર્ષોમાં કોમનવેલ્થ અને બીજા ગેમ્સ વિશ્વસ્તરના અહીં પર આવે અને તે પ્રકારનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અહીં પર નિર્મિત થઈ રહ્યું છે.આનાથી ચોક્કસ રૂપથી ભારતના ખેલાડીઓને અલગ-અલગ સ્પર્ધાઓમાં આગળ વધવાનો અવસર મળશે.)

આ પ્રસંગે રાજ્યના રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર પ્રતિભાશાળી ખેલાડીઓ અને કોચનું સન્માન કરવામાં આવ્યું હતું

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાની બે દિવસીય મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી નાના ઉભડા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને ગ્રામીણ કલ્યાણને લગતા વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થશે.

..............................

# NATIONAL SMALL INDUSTRY DAY

રાજય સહિત દેશભરમાં આજે રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસની ઉજવણી કરાશે.

**(VOICE CAST - JAYESH VEGDA)**

(આ દિવસની ઉજવણીનો ઉદેશ્ય નોકરીઓ, ઉત્પાદન, નિકાસ, ઉદ્યોગસાહસિકતા અને આર્થિક વિકાસમાં નાના ઉદ્યોગોની ભૂમિકાને ઉજાગર કરવાનો છે. ગઇકાલે જાહેર થયેલા સત્તાવાર આંકડા અનુસાર રાજ્યમાં વર્ષ **2025-26** દરમિયાન સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો **(MSME)**ને **3.79** લાખ કરોડનું ધિરાણ પૂરું પડાયું છે. આ વિતરણ વાર્ષિક લક્ષ્યાંકના **122.07** ટકા જેટલું હતું, જે રાજ્યના **MSME** ક્ષેત્રમાં વધતાં બેંક ધિરાણને પ્રતિબિંબિત કરે છે. રાજ્યમાં ઉદ્યોગ પોર્ટલ પર **33** લાખથી વધુ **MSME** એકમો નોંધાયેલા છે.)

જયેશ વેગડા પ્રાદેશિક સમાચાર વિભાગ ,આકાશવાણી અમદાવાદ

..............................

# NEET PG

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સીસ દ્વારા આજે દેશભરમાં પીજી મેડિકલ નીટ લેવામા આવશે. આ વર્ષે ગુજરાત સહિતા દેશભરમાંથી વિદ્યાર્થીઓ 12 ટકા જેટલા વધ્યા છે અને ગુજરાતના 15 હજાર 600 થી વધુ સહિત દેશના ૨લાખ 73 હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

ગુજરાતના 60 સહિત દેશના 1 હજાર ,111 કેન્દ્રોમાં નવી પેટર્ન મુજબ પરીક્ષા લેવાશે

રાજ્યમાં ગયા વર્ષે 13 હજાર 900 થી વધુ વિદ્યાર્થી હતા ત્યારે આ વર્ષે 15 હજાર 615 વિદ્યાર્થીઓ નોંધાયા છે. સવારે નવથી સાડાબાર દરમિયાન પરીક્ષા લેવાશે. આ વર્ષે પેપર પેટર્ન પણ બદલાતા 200 ને બદલે 180 પ્રશ્નોની પરીક્ષા રહેશે. ઉપરાંત પ્રથમવાર આધારબેઝ આઈન્ડેફિકેશન સહિતની ચકાસણી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામા આવી છે

.............

# STATE FOOTBALL COMPETITION

ગાંધીનગરમાં આયોજિત સબ-જ્યુનિયર બોય્ઝ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ સ્પર્ધામાં આજે ગ્રુપ ઈ, એફ અને જી-માં છોટાઉદેપુર અને વલસાડ વચ્ચે પહેલી, જામનગર અને મોરબી વચ્ચે બીજી તથા આણંદ અને સુરત વચ્ચે ત્રીજી મેચ રમાશે. અત્યાર સુધી રમાયેલી મેચ બાદ કચ્છ, બરોડા, ભાવનગર, અમદાવાદ અને રાજકોટની ટીમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી. જ્યારે બીજી ત્રણ ટીમ આજની મેચ બાદ નક્કી થશે. તો, આગામી બીજી સપ્ટેમ્બરે ફાઇનલ મેચ રમાશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્ય ફૂટબોલ સંગઠન દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં રાજ્યના **21** જિલ્લાની ટીમ ભાગ લઈ રહી છે.

..............................